# કુપોષણ સામે ગુજરાતનો વધુ એક 'પોષણ પ્રહાર' :હવે રાજ્યના તમામ આદિજાતિ વિસ્તારોના ICDS બ્લૉકમાં પહોંચી 'દૂધ સંજીવની યોજના'

## વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ૨૦૦૯માં શરૂ કરાયેલી દૂધ સંજીવની યોજનાને વધુ વેગ આપતાં મુખ્યમંત્રી શ્રી ભુપેંદ્રભાઈ પટેલ

કમલમ્,

ગુજરાતના આદિજાતિ અને અંતરિયાળ વિસ્તારોમાં કુપોષણ સામેની લડતને વધુ મજબૂત બનાવવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે 'દૂધ સંજીવની યોજના' અંગે મહત્વનો નિર્ણય લીધો છે. રાજ્યના આદિજાતિ વિસ્તારોના લોકો અને ખાસકરીને નબળા વર્ગના લોકોને વિકાસની મુખ્ય ધારામાં લાવવા માટે સતત પ્રયત્નશીલ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકારે કરેલા આ નિર્ણયની સાથે જ કુપોષણ વિરોધી લડતમાં મહત્વની ભૂમિકા ભજવતી દૂધ સંજીવની યોજના હવે રાજ્યના તમામ આદિજાતિ ICDS બ્લૉકમાં લાગુ થઈ ગઈ છે. રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગે આ અંગે એક ઠરાવ પણ કરી દીધો છે કે જેના અંતર્ગત આદિજાતિ જિલ્લાઓમાં બાકી રહેલા તમામ 53 ICDS બ્લૉકમાં દૂધ સંજીવની યોજનાનુ વિસ્તરણ કરવાની મંજૂરી આપી દેવામાં આવી છે. આ સાથે જ; પહેલી વાર યોજનાના લાભાર્થીઓ માટે હાઈ-ફેટ ફોર્ટિફાઈડ દૂધના પાયલોટ પ્રોજેક્ટને પણ લીલી ઝંડી અપાઈ છે. પરિણામે હવે આદિવાસી વિસ્તારોના વધુ બાળકો, સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતાઓ સુધી વધુ પૌષ્ટિક અને પોષણયુક્ત દૂધ પહોંચશે. નોંધનીય છે કે દૂધ સંજીવની યોજનાની શરૂઆત ૨૪ ડિસેમ્બર, ૨૦૦૯ના રોજ તત્કાલીન મુખ્યમંત્રી તથા વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા માત્ર ૬ આદિજાતિ જિલ્લાઓમાં પ્રાયોગિક ધોરણે કરવામાં આવી હતી. તેના હેઠળ લાભાર્થીઓને ૨૦૦ મિલીલીટર ફોર્ટીફાઈડ ફ્લેવર્ડ દૂધ આપવામાં આવે છે.

**૫ વર્ષમાં ૬થી ૨૦ જિલ્લા સુધી પહોંચી યોજના**

આંગણવાડીમાં આવતા બાળકો તેમજ સગર્ભા અને ધાત્રી માતાઓને નિયમિત ફોર્ટિફાઈડ દૂધ આપીને કુપોષણનો દર ઘટાડવાના મુખ્ય હેતુ સાથે શરૂ કરાયેલી યોજનાના સકારાત્મક પરિણામોને ધ્યાનમાં રાખીને યોજનાનું સતત વિસ્તરણ થતું રહ્યું અને ૫ વર્ષમાં યોજના ૬થી ૨૦ જિલ્લા સુધી પહોંચી ગઈ. યોજના હેઠળ વર્ષ ૨૦૧૪માં વધુ ૧૪ આદિજાતિ જિલ્લાઓના 106 ICDS ઘટકો તથા ૨૦ વિકાસશીલ તાલુકાઓનો સમાવેશ કરાયો ૨૦૧૬થી આ યોજનામાં સહકારી ડેરી ક્ષેત્રને પણ જોડવામાં આવ્યું અને બનાસ, અમૂલ, સુમુલ, માહી સહિત રાજ્યની વિવિધ સહકારી ડેરીઓ દ્વારા ફોર્ટિફાઈડ દૂધનુ ઉત્પાદન અને પુરવઠો શરૂ થયો. આ સહકારના કારણે યોજના વધુ સુવ્યવસ્થિત અને અસરકારક બની. હાલમાં દૂધ સંજીવની યોજના મુખ્યત્વે રાજ્યના ૨૦ જિલ્લાઓ બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ જેવા મુખ્ય આદિજાતિ જિલ્લાઓ ઉપરાંત કચ્છ, દેવભૂમિ દ્વારકા, પાટણ, ખેડા, જામનગર અને બોટાદના પસંદગીના વિકાસશીલ વિસ્તારોમાં લાગુ હતી, પરંતુ હજી પણ 53 ICDS બ્લૉકમાં યોજના લાગુ નહોતી.

**બાકી 53 ICDS બ્લોકના સમાવેશ અને ફેટ વધારાને મંજૂરી**

દરમિયાન ICDS કમિશ્નરની કચેરી દ્વારા યોજના હેઠળ બાકી રહેલા 53 ICDS બ્લૉકનો સમાવેશ કરવા તથા લાભાર્થીઓને અપાતાં દૂધના ફેટનું પ્રમાણ ૪.૫ (૯ ગ્રામ) કરવાની દરખાસ્ત કરવામાં આવી. આ દરખાસ્ત પર કાર્યવાહી કરતાં મહિલા અને બાળ વિકાસ વિભાગે ઠરાવ પસાર કરી બાકી રહેલા 53 ICDS બ્લૉકમાં દૂધ સંજીવની યોજના લાગુ કરવાની મંજૂરી આપી છે. આ સાથે જ; આ યોજના હવે રાજ્યના તમામ ICDS બ્લૉકમાં લાગુ થઈ ગઈ છે. રાજ્યસરકારના ૧૦૦ ટકા ખર્ચે 53 ICDS બ્લૉકમાં દૂધ સંજીવની યોજના શરૂ કરવાના નિર્ણયથી હજારો નવા લાભાર્થી બાળકો અને માતાઓ યોજનાના દાયરામાં આવશે અને આદિજાતિ વિસ્તારોમાં પોષણની સમાન ઉપલબ્ધિ સુનિશ્ચિત થશે. એટલું જ નહીં; ઠરાવ મુજબ હવે યોજનામાં દૂધની ગુણવત્તાનો પણ નવો માપદંડ ઉમેરાયો છે. અત્યાર સુધી આપાતા ફોર્ટિફાઈડ દૂધમાં ૧.૫ ટકા ફેટ હતું. હવે પસંદગીના જિલ્લાઓમાં વધુ ચરબીયુક્ત દૂધ આપવાનો પાયલોટ શરૂ કરવાનો નિર્ણય કરાયો છે. તેમા નર્મદા, દાહોદ અને ડાંગ જિલ્લામાં ૩ ટકા ફેટવાળું દૂધ આપવામાં આવશે; જ્યારે વલસાડ અને સાબરકાંઠા જિલ્લામાં ૪.૫ ટકા ફેટવાળું દૂધ આપવામાં આવશે. આ વધારાનું ફેટ બાળકોના શારીરિક વિકાસ, ઊર્જા અને પોષણની જરૂરિયાતોને વધુ સારી રીતે પૂરી કરવામાં મદદરૂપ બનશે.

**રૂ. ૩૮.૦૧૨૫ કરોડની જોગવાઈ સાથે પારદર્શકતા પર ભાર**

રાજ્યસરકારે આ વિસ્તરણ માટે અંદાજે રૂ. ૩૭.૭૦૯ કરોડની જોગવાઈ કરી છે, જ્યારે હાઈ-ફેટ પાયલોટ પ્રોજેક્ટ માટે અલગથી રૂ. ૦.૩૦૩૫ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. આ ખર્ચ સંપૂર્ણપણે રાજ્ય સરકાર દ્વારા વહન કરવામાં આવશે. યોજનાના અમલીકરણમાં પારદર્શિતા જળવાઈ રહે; તે માટે પણ મહત્વપૂર્ણ જોગવાઈઓ કરવામાં આવી છે.





તમામ પ્રક્રિયાઓને ઑનલાઈન બનાવવામાં આવશે, જરૂરી ખરીદી પોર્ટલ મારફતે કરવામાં આવશે, નાણાકીય સહાય DBT પદ્ધતિથી આપવામાં આવશે અને સમયાંતરે સોશિયલ ઓડિટ તથા થર્ડ પાર્ટી વેરિફિકેશન પણ ફરજિયાત રહેશે. આથી યોજનાનો લાભ વાસ્તવિક લાભાર્થીઓ સુધી અસરકારક રીતે પહોંચે; તે સુનિશ્ચિત થશે. દૂધ સંજીવની યોજના માત્ર દૂધ વિતરણની યોજના નથી, પરંતુ ગુજરાતના આગામી પેઢીના આરોગ્યમાં કરવામાં આવતું એક લાંબા ગાળાનું રોકાણ છે. કુપોષણ સામેની લડત, માતા અને બાળકના આરોગ્યમાં સુધારો, આદિજાતિ વિસ્તારોમાં પોષણની સમાન તક અને સહકારી ડેરી વ્યવસ્થાનો સફળ ઉપયોગ; આ તમામ બાબતોને એકસાથે જોડતી આ યોજના હવે નવા તબક્કામાં પ્રવેશી છે. બાકી રહેલા તમામ ICDS બ્લૉક સુધી વિસ્તરણ અને હાઈ-ફેટ દૂધના પ્રયોગ સાથે ગુજરાત સરકારે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે રાજ્યના કોઈપણ બાળકનું ભવિષ્ય પોષણના અભાવે નબળું ન પડે; તે માટે સરકાર સતત પ્રતિબદ્ધ છે.





કમલમ્,

**કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન સંસ્થા શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સિસ એન્ડ રિસર્ચ, સેક્ટર ૨૩, ગાંધીનગર સંસ્થાના ફાઈન આર્ટસ ક્લબ દ્વારા ફોટોગ્રાફી ની સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ૩૪ વિદ્યાર્થી ભાઈ-બહેનો એ ભાગ લીધો હતો.. તેમાંથી પ્રથમ ત્રણ આવનાર વિદ્યાર્થીઓ વ્રજ, પિંકલ, મહેશ ને સંસ્થા તરફ થી ઇનામ આપી ને તેમજ તમામ ભાગ લીધેલ વિદ્યાર્થીઓ ને પ્રમાણપત્ર આપી ને પ્રોત્સાહિત કરવામાં આવ્યા..**

## સ્પેક એન્જિનિયરિંગ, બાકરોલ દ્વારા આઈબીએમ સ્કિલ્સબિલ્ડ સ્ટુડન્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામનું સફળ કરવામાં આવ્યું.

કમલમ્,

તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક), બાકરોલ સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજીમાં આઈબીએમ સ્કિલ્સબિલ્ડ તથા એડ્યુનેટ ફાઉન્ડેશનના સહયોગથી ત્રણ દિવસીય સ્ટુડન્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંકલન પૂજા રાઠોડ (H.O .DCSE Department) દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI), મશીન લર્નિંગ, પાયથોન, ડેટા એનાલિટિક્સ અને ક્લાઉડ કમ્પ્યુટિંગ જેવી અદ્યતન તથા ઉદ્યોગલક્ષી ટેકનોલોજીનું વ્યવહારિક જ્ઞાન પ્રાપ્ત થાય, તેમજ પ્રાયોગિક તાલીમ, હેન્ડ્સ-ઓન લેબ્સ અને પ્રોજેક્ટ આધારિત શિક્ષણ દ્વારા તેમની ટેકનિકલ કુશળતા, સમસ્યા-નિવારણ ક્ષમતા અને ઉદ્યોગની વર્તમાન જરૂરિયાતોને અનુરૂપ રોજગારલક્ષી કૌશલ્યોનો વિકાસ થાય તે હતો. કાર્યક્રમનું









સંચાલન ડૉ. હિરેન મોઢ (એડ્યુનેટ ફાઉન્ડેશનના માસ્ટર ટ્રેનર) તથા શ્રી પવન સિંહ (AI/ML એન્જિનિયર અને પાયથોન ડેવલપર) દ્વારા કરવામાં આવ્યું હતું. બંને નિષ્ણાતો દ્વારા વિદ્યાર્થીઓને નવીન ટેક્નોલોજી, ઉદ્યોગની વર્તમાન જરૂરિયાતો તથા કારકિર્દીની નવી તકો અંગે ઉપયોગી માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. નાનક પમનાણી, વાઈસ પ્રિન્સિપાલ અને આઈ.ક્યુ.એ.સી. કો-ઓર્ડિનેટર ડૉ. ઋત્વિજ જોશીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનાં સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરીશ્રી શીતલ પટેલ તેમજ તમામ ટ્રસ્ટીશ્રીઓ તથા સ્પેક મેનેજમેન્ટ દ્વારા હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# અરવલ્લી જિલ્લા કલેક્ટરશ્રી મિલિન્દ બાપનાએ સરકારી બી.એડ. કોલેજ, મેઘરજની મુલાકાત લીધી

## આગામી એક મહિનામાં કોલેજનું કામ પૂર્ણ કરી કોલેજ શરૂ કરવા માટે તૈયાર કરવા આપ્યું માર્ગદર્શન

કમલમ્,અરવલ્લી

અરવલ્લી જિલ્લાના કલેક્ટરશ્રી મિલિન્દ બાપનાએ આજે મેઘરજ ખાતે નિર્માણાધીન સરકારી બી.એડ. કોલેજના નવા ભવનની મુલાકાત લઈ ચાલી રહેલા કામોની વિસ્તૃત સમીક્ષા કરી હતી. મુલાકાત દરમિયાન તેમણે નિર્માણ કાર્યની ગુણવત્તા, વિવિધ સુવિધાઓ તેમજ બાકી રહેલા કામોની સ્થળ પર જઈને તપાસ કરી હતી. કલેક્ટરશ્રીએ સંબંધિત અધિકારીઓને કોલેજના નિર્માણ કાર્યને આગામી એક મહિનામાં પૂર્ણ કરીને કોલેજ શરૂ કરવા માટે તૈયાર કરવા સ્પષ્ટ સૂચના આપી હતી. તેમણે જણાવ્યું હતું કે જિલ્લાના વિદ્યાર્થીઓને સમયસર આધુનિક અને ગુણવત્તાસભર શૈક્ષણિક માળખું ઉપલબ્ધ થાય તે માટે તમામ કામગીરી સમયમર્યાદામાં અને ઉચ્ચ ગુણવત્તા સાથે પૂર્ણ કરવામાં આવે. આ પ્રસંગે કલેક્ટરશ્રીએ કોલેજમાં ઉપલબ્ધ થનારી વર્ગખંડો, પુસ્તકાલય, કોમ્પ્યુટર લેબ, સ્માર્ટ ક્લાસરૂમ, સેમિનાર હોલ, રમતગમત તથા અન્ય શૈક્ષણિક સુવિધાઓ અંગે માહિતી મેળવી હતી. તેમણે વિદ્યાર્થીઓને અનુકૂળ, સ્વચ્છ અને સુરક્ષિત શૈક્ષણિક વાતાવરણ ઉપલબ્ધ થાય તે માટે જરૂરી તમામ સુવિધાઓ સમયસર કાર્યરત કરવા ભાર મૂક્યો હતો. ઉલ્લેખનીય છે કે અરવલ્લી જિલ્લાના આદિવાસી અને અંતરિયાળ વિસ્તારના યુવાનોને ઘરઆંગણે ગુણવત્તાયુક્ત અને નિઃશુલ્ક ઉચ્ચ શિક્ષણની તક ઉપલબ્ધ કરાવવાના ઉમદા હેતુથી વર્ષ ૨૦૦૩માં મેઘરજ ખાતે સરકારી બી.એડ. કોલેજની સ્થાપના કરવામાં આવી હતી. શરૂઆતમાં સેલ્ફ ફાઈનાન્સ ધોરણે શરૂ થયેલી આ સંસ્થા વર્ષ ૨૦૦૫-૦૬થી ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ હસ્તક સંચાલિત છે અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ સાથે સંલગ્ન છે. હાલમાં કોલેજ આધુનિક સુવિધાઓથી સજ્જ પોતાના નવા ભવ્ય ભવનમાં સ્થાનાંતરિત થવાની પ્રક્રિયામાં છે, જે જિલ્લાના ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સાબિત થશે. આ સંસ્થા માત્ર શૈક્ષણિક અભ્યાસ પૂરતી મર્યાદિત ન રહી, પરંતુ ૨૧મી સદીની શૈક્ષણિક જરૂરિયાતોને અનુરૂપ આધુનિક ટેકનોલોજી આધારિત શિક્ષણ, મૂલ્યનિષ્ઠ શિક્ષક ઘડતર અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત છે. સાથેજ કોલેજમાં જ્ઞાન, નાટ્ય, ખેલકૂદ, સમુદાય સેવા, સર્જનાત્મકતા, સંગીત અને કલા



સહિતની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા પ્રશિક્ષણાર્થીઓના વ્યક્તિત્વ વિકાસ પર વિશેષ ભાર મૂકવામાં આવે છે. નવા ભવનમાં કોલેજ શરૂ થતાં મેઘરજ સહિત સમગ્ર અરવલ્લી જિલ્લાના વિદ્યાર્થીઓને આધુનિક સુવિધાઓ સાથે ગુણવત્તાસભર શિક્ષણનો વધુ લાભ મળશે અને જિલ્લામાં કુશળ, સંવેદનશીલ તથા મૂલ્યનિષ્ઠ શિક્ષકોના ઘડતરમાં આ સંસ્થા વધુ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

## ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) ની મહત્વપૂર્ણ પહેલ

# ગુજરાતમાં સ્પર્ધાત્મક પરીક્ષામાં અસફળ રહેલા તેજસ્વી ઉમેદવારો માટે રોજગારીના દ્વાર ખુલશે

## ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) તેજસ્વી ઉમેદવારો અને રોજગારીની તક વચ્ચે સેતુરૂપ ભૂમિકા ભજવશે

**છેલ્લા પાંચ વર્ષમાં પૂર્ણ થયેલી વર્ગ-૧ અને ૨ની ૪૧૫થી વધુ ભરતી પરિણામોમાં અસફળ કે પ્રતીક્ષાયાદીના ૧૮ હજાર કરતાં વધુ ઉમેદવારો આ મોડ્યુલ પર કરી શકશે અરજી**



### 'અવસર' મોડ્યૂલથી જાહેર સાહસો, સહકારી વિભાગો, પ્રતિષ્ઠીત ખાનગી સંસ્થાઓમાં રોજગારીની તક સર્જાશે

કમલમ્,

ગુજરાત જાહેર સેવા આયોગે સ્પર્ધાત્મક પરીક્ષામાં અસફળ રહેલા પરંતુ તેજસ્વી હોય તેવા ઉમેદવારો માટે રોજગારીની તક ઉભી થાય તે માટે 'અવસર' મોડ્યૂલ વિકસાવ્યું છે. ગાંધીનગર ગુજરાત જાહેર સેવા આયોગના સચિવ શ્રી સુધીર પટેલે આ મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. શ્રી સુધીર પટેલે આ અંગેની વિગતો આપતા જણાવ્યું હતું કે, જીપીએસસીની ભરતી પ્રક્રિયામાં ઈન્ટરવ્યૂ સુધી પહોંચેલા ઉમેદવારો પ્રિલિમ્સ અને મેઈન્સ પરીક્ષા ઉતીર્ણ કરીને ઈન્ટરવ્યૂ માટે પસંદ થયા હોય છે. એટલે કે તે ઉમેદવારો ભલે અસફળ રહ્યા પણ તે તેજસ્વી જરૂર હોય છે. આવા ઉમેદવારોને રોજગારીની તક પૂરી પાડવા માટે ગુજરાત જાહેર સેવા આયોગે આ અવસર મોડ્યૂલ વિકસાવ્યું છે. આ મોડ્યૂલની પૂર્વભૂમિકા આપતા શ્રી સુધીર પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત અને ભારત સરકારના જાહેર સાહસો, ખાનગી કંપનીઓ, સહકારી સંસ્થાઓ વગેરેમાં રોજગારીના અવસર મળે તથા આવી સંસ્થાઓને મહેનતુ, તેજસ્વી, ખંતીલા ઉમેદવારોનું માનવ સંસાધન ઉપલબ્ધ બને તે હેતુથી ગુજરાત જાહેર સેવા આયોગે ભરતી પ્રક્રિયાના આખરી પરિણામોમાં અસફળ રહેલા અને પ્રતીક્ષાયાદીમાં સમાવિષ્ટ ઉમેદવારનો વિવિધ માન્ય સરકારી ક્ષેત્રો, જાહેર સાહસો તેમ જ પ્રતિષ્ઠીત ખાનગી સંસ્થાઓમાં રોજગારીની વૈકલ્પિક અને ઉત્કૃષ્ટ તક સરળતાથી મળી રહે તે માટે આયોગ એક મધ્યસ્થીની ભૂમિકા ભજવશે. સચિવશ્રીએ વધુ વિગતો આપતા કહ્યું હતું કે, આ યોજનાનો લાભ લેવા માટે ઉમેદવારની પૂર્વ સંમતિ અનિવાર્ય છે. જે ઉમેદવારો પોતાની વિગતો જેવી કે નામ, મોબાઈલ નંબર, ઈ-મેઈલ અને શૈક્ષણિક લાયકાત સંબંધિત સંસ્થાઓ સાથે શેર કરવા માંગતા હોય, તેમણે GPSC Ojas Portal - https://gpsc-ojas.gujarat.gov.in/ પર જઈને ઓનલાઈન સંમતિ આપવાની રહેશે. સુરક્ષાના ભાગરૂપે આ પ્રક્રિયામા OTPની વ્યવસ્થા કરવામાં આવી છે. છેલ્લા પાંચ વર્ષમાં એટલે કે તા. ૧ જુલાઈ, ૨૦૨૬ પહેલા પૂર્ણ થયેલી ૪૧૫ કરતાં વધુ વર્ગ-૧ અને ૨ ની ભરતીના આખરી પરિણામમાં અસફળ કે પ્રતીક્ષાયાદીના ૧૮ હજાર કરતાં વધુ ઉમેદવારો આ મોડ્યુલ પર જઈને સંમતિ પત્રક સબમિટ કરી શકે છે. વધુમાં, ભવિષ્યની ભરતીઓમાં ઉમેદવારોને ફોર્મ ભરતી વખતે જ આ સંમતિ આપવાનો વિકલ્પ આપવામાં આવશે. GPSC દ્વારા વહીવટી, તબીબી, શૈક્ષણિક અને ટેક્નિકલ કેડર મુજબ ડેટાબેઝ તૈયાર કરવામાં આવ્યો છે. માહિતીની સુરક્ષા બાબતે આયોગ ખૂબ જ ચુસ્ત છે, તેમ જણાવતા સચિવશ્રીએ કહ્યું કે, ઉમેદવારોનો ડેટા મેળવનાર સંસ્થા તેનો ઉપયોગ માત્ર રોજગારી આપવા સિવાય અન્ય કોઈ હેતુ માટે કરી શકશે નહીં, અને આ ડેટાની સુરક્ષાની સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાની રહેશે. આયોગ માત્ર યોગ્ય સરકારી વિભાગો, PSUs અને માન્ય ખાનગી કંપનીઓને જ નિયંત્રિત એક્સેસ આપશે. વધુમાં, GPSC માત્ર એક 'માધ્યમ' તરીકે કાર્ય કરી રહ્યું છે, તેથી આ પ્લેટફોર્મ દ્વારા મળનારી નોકરીની શરતો, વેતન કે કાનૂની વિવાદો બાબતે આયોગની કોઈ સત્તાવાર કે કાનૂની જવાબદારી રહેશે નહીં. ઉમેદવારોને વધુ માહિતી માટે આયોગની સત્તાવાર વેબસાઈટનો અભ્યાસ કરવાનો સચિવશ્રી પટેલ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

'અવસર' મોડ્યુલમાં મહત્વપૂર્ણ બાબતો

(૧) માહિતીની સુરક્ષા (Data Privacy): આયોગ દ્વારા સંસ્થાને આપવામાં આવેલી માહિતીનો ઉપયોગ સંસ્થા રોજગારીનો અવસર આપવા સિવાય બીજા કોઈ હેતુ માટે ઉપયોગ કરી શકશે નહીં તથા તે બીજા કોઈને શેર કરી શકશે નહીં, તેવી સંસ્થા પાસેથી બાંહેધરી લેવામાં આવશે અને ડેટાની સુરક્ષાની સંપૂર્ણ જવાબદારી સંસ્થાની રહેશે. આયોગ દ્વારા ઉમેદવારોના ડેટાની સુરક્ષાનું ચુસ્ત પાલન કરવામાં આવશે. આ પ્લેટફોર્મ પર નોંધાયેલ પાત્ર સંસ્થાઓ સાથે ઉમેદવારની વિગતો જેવી કે ઉમેદવારનું નામ, મોબાઈલ નંબર, ઈમેઈલ આઈડી અને શૈક્ષણિક લાયકાત જ શેર કરવામાં આવશે. આયોગ પાસેથી માહિતી મેળવ્યા બાદ જે તે સંસ્થાને યોગ્ય લાગે તે ઉમેદવારોને સંસ્થાની ભરતી પ્રક્રિયામાંથી પસાર થયા બાદ ઉમેદવારની પસંદગી કરવામાં આવશે.

(૨) ઉમેદવારની પૂર્વ સંમતિ (Candidate Consent): આ પ્લેટફોર્મ પર ઉમેદવારની વિગતો તેમની ઈચ્છા અને પૂર્વ સંમતિ બાદ જ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ભવિષ્યમાં આવનારી નવીન જાહેરાતો માટે ઉમેદવારો અરજી કરતી વખતે જ GPSC-OJAS પોર્ટલ પર આ અંગે ઓનલાઈન સંમતિ આપી શકશે.

(૩) ભૂતકાળની ભરતીના ઉમેદવારો માટે અવસર: આયોગ દ્વારા લેવાયેલી અને છેલ્લા ૫ (પાંચ) વર્ષમાં પૂર્ણ થયેલી વર્ગ-૧ અને વર્ગ-૨ની ભરતી પ્રક્રિયાના આખરી પરિણામમાં અસફળ અને પ્રતિક્ષાયાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારો આ યોજનાનો લાભ લઈ શકે તે માટે GPSC-OJAS પોર્ટલ પર "અવસર" મોડ્યૂલમાં જઈને ઓનલાઈન સંમતિ પત્રક સબમિટ કરી શકશે. ઉમેદવારે જાહેરાત ક્રમાંક તથા કન્ફર્મેશન નંબર આપીને સંમતિ આપવાની રહેશે. ઉમેદવાર જે તે જાહેરાતનું વર્ષ સિલેક્ટ કરતાં તેને તે વર્ષની તમામ જાહેરાતોની વિગતો ઉપલબ્ધ થશે તથા જો ઉમેદવાર કન્ફર્મેશન નંબર ભૂલી ગયા હોય તો તેઓની કન્ફર્મેશન નંબર મેળવવાની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે. કોઈ ઉમેદવારની જગ્યાએ બીજા કોઈ ઉમેદવાર આવી સંમતિ આપી ન શકે તે હેતુથી ઓટીપીની વ્યવસ્થા કરવામાં આવેલ છે. ઉમેદવારના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર અને રજીસ્ટર્ડ ઈ-મેલ આઈ.ડી. પર ઓટીપી જશે અને આ ઓટીપી દાખલ કર્યા બાદ જ સંમતિની પ્રક્રિયા પૂર્ણ થશે.

(૪) પાત્રતા માપદંડ: આ પ્લેટફોર્મ પર માત્ર કાયદેસર રીતે સ્થાપિત સરકારી વિભાગો, PSUs અને આયોગ દ્વારા માન્ય રાખેલ ખાનગી કંપનીઓને જ ઉમેદવારોની જરૂરિયાત મુજબ નિયંત્રિત એક્સેસ આપવામાં આવશે.

(૫) આયોગની ભૂમિકા "અવસર" અંતર્ગત ગુજરાત જાહેર સેવા આયોગ માત્ર એક 'માધ્યમ' તરીકે કાર્ય કરશે. આ પ્લેટફોર્મ મારફતે મળનારી ખાનગી કે જાહેર ક્ષેત્રની નોકરીની શરતો, વેતન ધોરણ, સેવા નિયમો કે કાનૂની વિવાદો બાબતે આયોગની કોઈ સત્તાવાર કે કાનૂની જવાબદારી રહેશે નહીં. આયોગ પાસે અવસરના નિયમોમાં ગમે ત્યારે ફેરફાર કરવાની અબાધિત સત્તા રહેશે. લાયક ઉમેદવારોને આ અંગેની વધુ માહિતી માટે આયોગની સત્તાવાર વેબસાઈટ https://gpsc.gujarat.gov.in અને GPSC-OJAS પોર્ટલ જોતા રહેવા માટે જણાવવામાં આવે છે. આ પત્રકાર પરિષદમાં ઈલેક્ટ્રોનિક અને દૈનિક અખબારના પ્રતિનિધિશ્રીઓ સહિત GPSCના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

